એચ.આર.ટી.-૧
નવી બાબત (વર્ષ ૨૦૧૯-૨૦)

બાગાયત નિયામકની કચેરી, ગાંધીનગર ખાતે તથા નવરચિત જિલ્લાઓમાં બાગાયત મદદનીશ, વર્ગ-૩ની કુલ-૦૪(ચાર) જગ્યાઓ ઉભી કરવા બાબત.

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક : બગમ/૧૦૧૯/૯૬૫/ક.૮
સચિવાલય, ગાંધીનગર
તા.૨૦/૦૮/૨૦૧૯

વંચાણે લીધા:-

(૧) બાગાયત નિયામકશ્રીના તા.૧૮/૫/૨૦૧૯ના પત્ર ક્રમાંક: બગત/હસબ/ઘ-૬/પ્રી.બજેટ/HRT-1/૭૩૬૮-૬૯/૧૯

(૨) બાગાયત નિયામકશ્રીના તા.૯/૭/૨૦૧૯ના પત્ર ક્રમાંક: બગત/હસબ/ઘ-૬/બજેટ/૧૦૩૩૬-૩૩૭/૧૯

આમુખ-

રાજ્યમાં બાગાયત ખેતીને પ્રોત્સાહન મળતા ખેડૂતો બાગાયતી ખેતી તરફ વળ્યા છે. સરકારના અભિગમ મુજબ ખેડૂતોની આવક બમણી કરવા સારૂ બાગાયત ખાતામાં જિલ્લા કક્ષાએ બાગાયત અધિકારી સાથે એક બાગાયત મદદનીશની હાલ તાત્કાલિક જરૂરીયાત હોય, તેમજ ખાતા કચેરીમાં બાગાયત ખાતાની વિવિધ યોજનાનું સુદઢ પારદર્શી અસરકારક અમલ થાય તેમજ બાગાયતી ખેતી એકમ વિસ્તારમાં વધુ ઉત્પાદન અને વધુ આવક આપે જેથી ખેડૂતોનું જીવનધોરણ ઉંચુ આવે તે હેતુથી બાગાયત મદદનીશની જગ્યા ઉભી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

સરકારશ્રીની કાળજીપૂર્વક વિચારણાના અંતે બાગાયત ખાતાની જરૂરીયાત મુજબ નવ રચિત ગીર-સોમનાથ, મોરબી, બોટાદ અને દેવભૂમિ-દ્વારકા જીલ્લાઓમાં જિલ્લા દીઠ બાગાયત મદદનીશ, વર્ગ-૩ સંવર્ગની એક-એક જગ્યા એમ મળીને કૂલ-૦૪ જગ્યાઓને વર્ષ ૨૦૧૯-૨૦માં રૂ. ૧૨.૫૭ લાખની નવી બાબત હેઠળની જોગવાઇને નીચેની શરતોને આધિન વહીવટી મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે.

શરતો:

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

બાગાયત નિયામકશ્રીની કચેરી,
ગુ.રા. કૃષિભવન, ગાંધીનગર
આવક નં. ૧૦૧૧
તારીખ 21 AUG 2019

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પાડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ અનુસાર ઠરાવેલ રેશીયો મુજબ ભરવા કાર્યવાહી કરવાની રહેશે.

(૮) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ અને તા.૨૮/૩/૨૦૧૬ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૯) જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ? તે ખાતરી કરી લેવાની રહેશે.

(૧૦) સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂંક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક: નપન/૨૦03/જીઓઆઇ/૧૦(પા.ફા.) ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૧/૪/૨૦૦૫થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૧) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૨) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૩) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૪) રાજ્ય સરકાર દ્વારા વખતો વખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૫) આ નવી જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૬) આ જગ્યાઓ ભરાય ત્યાર બાદ જ ખર્ચ કરવાનો રહેશે.

આ યોજના માટેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણી ક્રમાંક | :૦૨ |
| સેક્ટર | :ગ-આર્થિક સેવાઓ |
| સબ સેક્ટર | :ક-કૃષિ અને સંલગ્ન સેવાઓ |
| મુખ્ય સદર | :૨૪૦૧-પાક કૃષિ વ્યવસ્થા |
| ગૌણ સદર | :૦૦૧-નિર્દેશ અને વહીવટ |
| પેટા સદર | :૦૫- બાગાયત નિયામકની કચેરી(પ્લાન) |

૨. વિભાગની બજેટ શાખા અને નાણા વિભાગ દ્વારા ગ્રાન્ટની ફાળવણીના હુકમો કરવામાં આવે, તદનુસાર બાગાયત નિયામકશ્રીએ નાણા વિભાગની વખતો વખતની સુચનાઓ ધ્યાને લઈને ખર્ચ કરવાનો રહેશે.

૩. આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અ.મુ.સ.શ્રી(નાણાં)ની તા:૯/૮/૨૦૧૯ તથા અ.મુ.સ.શ્રી(કૃષિ)ની તા.૯/૮/૨૦૧૯ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એમ.બી.કથીરીયા)
સેકશન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

(૧) બાગાયત નિયામકશ્રી, કૃષિભવન, સેકટર ૧૦- એ, ગાંધીનગર

(૨) ખેતી નિયામકશ્રી, કૃષિભવન, સેકટર ૧૦- એ, ગાંધીનગર

(૩) સંયુક્ત બાગાયત નિયામકશ્રી, (વિભાગીય કક્ષા) વડોદરા/રાજકોટ

(૪) એકાઉટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ

(૫) જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ, ગીર સોમનાથ/મોરબી/બોટાદ/દેવભૂમિ દ્વારકા

(૬) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ

(૭) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની નાણા શાખા/બજેટ શાખા/આયોજન શાખા, સચિવાલય, ગાંધીનગર

(૮) નાયબ સેકશન અધિકારીની સીલેકટ ફાઇલ

(૯) શાખા સીલેકટ ફાઇલ